
મૂલ્ય નિષ્ઠ સંચાલન સફળ સહકારીતાનો પાયો છે.

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## સને ૨૦૦૬-૨૦૦૭





## ૪૦ મો વાર્ષિક અહેવાલ

| | | |
|---|---|---|
| સભાસદ સંખ્યા | : | ૧૦૫૨ |
| કરજદાર સભ્ય સંખ્યા | : | ૬૭૫ |
| મંજૂર થયેલ શેર ભંડોળ | : | રૂા. ૧,૫૦,૦૦,૦૦૦/- |
| વસુલ આવેલ શેર ભંડોળ | : | રૂા. ૧,૫૧,૦૦,૫૩૦/- |
| થાપણ | : | રૂા. ૧૧,૩૬,૫૩,૩૫૦/- |
| રીઝર્વ ફંડ: | : | રૂા. ૬૪,૦૮,૩૨૨/- |

: બેન્કર્સ :

**ધી અમદાવાદ ડી. કો. ઓ. બેન્ક લી.**

પાટનગર શાખા, સેક્ટર-૧૬, ગાંધીનગર.

: ઓડીટ :
વર્ગ - અ

૧૬૨/૧, આનંદ વાટિકા, સેક્ટર-૨૨, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૫૭૩૨

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## કાર્યવાહક મંડળ

**સને ૨૦૦૬-૨૦૦૭**



પ્રમુખશ્રી
**શ્રી કનુભાઇ સોમાજી ઠાકોર**
ડભોડા વિભાગ



મંત્રી શ્રી
**શ્રી વાસુદેવ રામલાલ નાયક**
રાંધેજા વિભાગ



ઉપપ્રમુખશ્રી
**શ્રી ભીખુભાઇ ક. પટેલ**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**શ્રી કરુણાબેન ન. પટેલ**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**શ્રી ચતુરભાઇ કા. પરમાર**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**શ્રી મનહરભાઇ દ. દરજી**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**શ્રી મધુબેન ભ. પટેલ**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**શ્રી ભોગીલાલ મ. પટેલ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**શ્રી અનિલકુમાર શં. પટેલ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**શ્રી લલીતાબેન આ. પટેલ**
અડાલજ વિભાગ




કારોબારી સભ્યશ્રી
**શ્રી ભારતીબેન ક. દવે**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**શ્રી કિર્તિકુમાર રે. રાવલ**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**શ્રી કોકિલાબેન ભ. પટેલ**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**શ્રી અશ્વિનકુમાર અં. પંડ્યા**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**શ્રી નિર્મળાબેન ભ. પટેલ**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**શ્રી હરિવદનભાઇ પુ. પટેલ**
ડભોડા વિભાગ



આમંત્રિત કારોબારી સભ્યશ્રી
**શ્રી પૃથ્વીસિંહ બી. પરમાર**
ડભોડા વિભાગ

## કાર્યવાહક મંડળ ૨૦૦૬-૨૦૦૭

| અ.નં. | નામ | હોદ્દો | શાળા |
|---|---|---|---|
| ૧. | શ્રી કનુભાઈ સોમાજી ઠાકોર | પ્રમુખશ્રી | આચાર્યશ્રી, મોટી શિહોલી પ્રાથમિક કન્યા શાળા |
| ૨. | શ્રી ભીખુભાઈ કરસનભાઈ પટેલ | ઉપપ્રમુખશ્રી | આચાર્યશ્રી , રાંદેસણ પ્રાથમિક શાળા |
| ૩. | શ્રી કરૂણાબેન નટવરલાલ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ. અડાલજ તા. શાળા |
| ૪. | શ્રી ચતુરભાઈ કાળાભાઈ પરમાર | કા. સભ્યશ્રી | મ.શિ.કલ્યાણજી પરૂ પ્રાથમિક શાળા |
| ૫. | શ્રી મનહરભાઈ દલસુખભાઈ દરજી | કા.સભ્યશ્રી | આચાર્યશ્રી, સોનીપુર પ્રાથમિક શાળા |
| ૬. | શ્રી કિર્તિકુમાર રેવાશંકર રાવલ | કા.સભ્યશ્રી | આચાર્યશ્રી, નાનપુરા પ્રાથમિક શાળા |
| ૭. | શ્રી અશ્વિનકુમાર અંબાલાલ પંડ્યા | કા.સભ્યશ્રી | મ.શિ., ફતેપુરા પ્રાથમિક શાળા |
| ૮. | શ્રી કોકિલાબેન ભવાનભાઈ પટેલ | કા.સભ્યશ્રી | આચાર્યશ્રી, વાસન પ્રાથમિક શાળા |
| ૯. | શ્રી ભોગીલાલ મગનલાલ પટેલ | કા.સભ્યશ્રી | આચાર્યશ્રી, ચંદ્રાલા પ્રાથમિક શાળા નં.૨ |
| ૧૦. | શ્રી અનિલકુમાર શંકરલાલ પટેલ | કા.સભ્યશ્રી | આચાર્યશ્રી, પ્રાંતિયા પ્રાથમિક શાળા |
| ૧૧. | શ્રી હરિવદન પુંજાભાઈ પટેલ | કા.સભ્યશ્રી | સી.આર.સી. ડભોડા પગાર કેન્દ્રશાળા |
| ૧૨. | શ્રી ભારતીબેન કનુપ્રસાદ દવે | કા.સભ્યશ્રી | આચાર્યશ્રી, લીંબડિયા પ્રાથમિક શાળા |
| ૧૩. | શ્રી લલિતાબેન આદરભાઈ પટેલ | કા.સભ્યશ્રી | આચાર્યશ્રી, પોર પ્રાથમિક શાળા |
| ૧૪. | શ્રી મધુબેન ભગુભાઈ પટેલ | કા.સભ્યશ્રી | આચાર્યશ્રી, ચાંદખેડા પગાર કેન્દ્ર શાળા |
| ૧૫. | શ્રી નિર્મળાબેન બબલદાસ પટેલ | કા.સભ્યશ્રી | મ.શિ., તારાપુર પ્રાથમિક શાળા |
| ૧૬. | શ્રી પૃથ્વીસિંહ બળદેવસિંહ પરમાર | આમંત્રિત કા.સભ્યશ્રી | મ.શિ., વાંકાનેરડા પ્રાથમિક શાળા |

## મંત્રીશ્રી

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી વાસુદેવ રામલાલ નાયક | મંત્રીશ્રી | આચાર્યશ્રી, ટીંટોડા પગાર કેન્દ્ર શાળા |

## આંતરિક ઓડીટરશ્રીઓ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી નટવરલાલ લવજીભાઈ ચૌધરી | આચાર્યશ્રી, જુના પીંપળજ પ્રાથમિક શાળા |
| ૨. | શ્રી કનુભાઈ શકરાભાઈ પટેલ | આચાર્યશ્રી, પીરોજપુર પ્રાથમિક શાળા |
| ૩. | શ્રી બાબુજી કેશાજી મારસૂણિયા | આચાર્યશ્રી, ખોરજ આદર્શ શાળા |

## કાર્યાલય મંત્રીશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી નટવરલાલ મંગળદાસ કાપડિયા | કાર્યાલય મંત્રીશ્રી | ડભોડા વિભાગ |
| ૨. | શ્રી બેચરભાઈ મગનભાઈ પટેલ | કાર્યાલય મંત્રીશ્રી | અડાલજ વિભાગ |
| ૩. | શ્રી જયંતિલાલ પુરૂષોતમદાસ બ્રહ્મભટ્ટ | કાર્યાલય મંત્રીશ્રી | રાંધેજા વિભાગ |
| ૪. | શ્રી પ્રમોદભાઈ મફતલાલ શુકલ | પટાવાળા | |

ભેગા થવું એ શરૂઆત છે. ભેગા રહેવું એ પ્રગતિ છે, પરંતુ ભેગા મળી કામ કરવું તે સફળતા છે.

# આમંત્રણ

## વાર્ષિક સાધારણ સભા

**સન્માનનીય સભાસદ ભાઈઓ-બહેનો,**

જયભારત સહ જણાવવાનું કે, શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.ની સને ૨૦૦૬-૦૭ના વર્ષની સાધારણ સભા તા.૨૪-૦૬-૦૭ને રવિવારના રોજ બપોરના ૨-૦૦ કલાકે ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગરમાં મળશે. જેમાં તમામ સભાસદ ભાઈ-બહેનોને હાજરી આપવા હાર્દિક નિમંત્રણ છે.

## એજન્ડા

૧. ગત સભાનો અહેવાલ મંજૂર કરવા બાબત.

૨. સને ૨૦૦૬-૦૭ ના વર્ષનું સરવૈયું મંજુર કરવા બાબત.

૩. કાર્યવાહક મંડળમાંથી સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં ચૂંટાયેલ પ્રમુખશ્રીને બહાલી આપવા બાબત.

૪. કાર્યવાહક મંડળે કરેલ મંત્રીશ્રીની નિયુક્તિને બહાલી આપવા બાબત.

૫. કાર્યવાહક મંડળે ભલામણ કરેલ નફાની વહેંચણીને બહાલી આપવા બાબત.

૬. માનદ ઓડીટરશ્રીઓની નિમણૂંક કરવા બાબત.

૭. તા.૧-૭-૨૦૦૬ થી ૩૧-૫-૨૦૦૭ સુધીમાં નિવૃત્ત થયેલ મંડળીના સભાસદ શિક્ષક ભાઈ-બહેનોનું સન્માન કરવા બાબત તથા મંડળીના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીશ્રીનું સન્માન કરવા બાબત.

૮. તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવા બાબત.

૯. શેરભંડોળની મર્યાદા વધારવા બાબત.

૧૦. કરજ ધીરાણ/થાપણના વ્યાજ દરની વિચારણા કરવા બાબત.

૧૧. બંધારણ સુધારા અંગે સમીક્ષા કરવા બાબત.

૧૨. પ્રમુખ સ્થાનેથી રજૂ થાય તે

**શ્રી કનુભાઈ એસ. ઠાકોર**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**શ્રી વાસુદેવ આર. નાયક**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

તા.ક. (૧) સભા મળવાના સમયથી એક કલાક સુધીમાં કોરમ થયું નહીં હોય તો એક કલાક બાદ તે જ સ્થળે સભાનું કામકાજ એજન્ડા પ્રમાણે કરવામાં આવશે. જે કાયદેસર ગણાશે.

(૨) મંડળીના પ્રશ્નો બાબતે જે માહિતી જોઈતી હોય તે બાબતે મીટીંગના પાંચ દિવસ અગાઉ મંડળીના કાર્યાલયથી મેળવી લેવી. તેમજ પ્રશ્નો -સૂચનો પાંચ દિવસ અગાઉ લેખિતમાં રજૂ કરવા.

## પ્રમુખશ્રીનું નિવેદન



શ્રી કનુભાઈ એસ. ઠાકોર
પ્રમુખશ્રી
ગાં.તા.પ્રા.શિ.શ.સ.મં.લી.,
ગાંધીનગર

આદરણીય સભાસદ ભાઈઓ-બહેનો,
સૌને સ્નેહભર્યા નમસ્કાર

આપણી મંડળીની ચાલીસમી(૪૦) વાર્ષિક સાધારણ સભામાં આપ સૌનું હાર્દિક સ્વાગત કરતાં આનંદ અનુભવું છું.

આપણી મંડળી સને ૨૦૦૬-૦૭નું હિસાબી વર્ષ પૂરૂ કરી એકતાલીસમા (૪૧) વર્ષમાં વિકાસની કેડી પર આપ સૌના સાથ સહકારથી આગેકૂચ કરી રહેલ છે. આપણી સમક્ષ વ્યવસ્થાપક મંડળે કરેલ ભલામણ કરેલ વર્ષ ૨૦૦૬-૦૭નો વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં આનંદ અને હર્ષની લાગણી અનુભવું છું.

સંપ, સેવા, સહકાર, સંગઠન અને વિશ્વાસ પર પ્રગતિના પંથે કૂચ કરતી કામધેનું સમાન આપણી મંડળી ચાલીસ વર્ષ પૂર્ણ કરી એકતાલીસમા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે ત્યારે મંડળીને પ્રગતિના પંથે લઈ જવા બદલ આદ્ય સંસ્થાપકો, તથા થાપણદારો અને સભાસદોને અંતઃકરણ પૂર્વક આવકારૂ છું.

૧. **સભાસદ સંખ્યા :** ગત વર્ષ આખરે સભાસદ સંખ્યા ૧૦૫૨ હતી. વર્ષ દરમ્યાન ૩૯ સભાસદો નવીન દાખલ થયેલ છે તેમજ વયનિવૃત્તિ, તાલુકા / જિલ્લા ફેરબદલી, સ્વૈ.નિવૃત્તિ તથા રાજીનામાના કારણે ૩૯ સભાસદોના રાજીનામા મંજૂર થતાં વર્ષ આખરે ૧૦૫૨ સભાસદો બાકી રહે છે.

૨. **શેરભંડોળ :** ગત વર્ષ આખરે શેરભંડોળ રૂા.૧,૪૪,૩૬,૪૫૦/- હતું. ચાલુ વર્ષના અંતે રૂા.૬,૬૪,૦૮૦/- નો શેરભંડોળમાં વધારો થતાં વર્ષ આખરે રૂા.૧,૫૧,૦૦,૫૩૦/- શેરભંડોળ થયેલ છે.

૩. **કરજ :** ગયા વર્ષ આખરે કરજ રૂા.૧૧,૬૩,૧૨,૬૦૦/- બાકી હતું. જેમાં વર્ષ દરમ્યાન રૂા.૧૦,૬૮,૨૫,૫૦૦/- કરજ વસુલાત આવેલ છે. તેમજ રૂા.૧૧,૪૦,૩૩,૫૦૦/- કરજ ધીરાણ કરતાં વર્ષ આખરે રૂા.૧૨,૩૫,૨૦,૬૦૦/- કરજ બાકી રહે છે.

૪. **નફો :** ચાલુ વર્ષના સમયગાળા દરમિયાન વહીવટી ખર્ચમાં કરકસર કરેલ છે. ફરજીયાત બચત પર વ્યાજ, વ્યાજ વળતર વગેરેની જોગવાઈ કર્યા બાદ મંડળીએ રૂા.૧૨,૮૫,૬૬૭/-નો નફો કરેલ છે.

૫. **નફાની વહેંચણી :** ચાલુ વર્ષે મંડળીએ આપણા સભાસદોને ફરજીયાત બચત પર ૧૮% વ્યાજ, શેર ડિવિડન્ડ ૬% તેમજ વ્યાજ વળતર ૩% ચૂકવવાનું કાર્યવાહક મંડળે ભલામણ કરેલ છે.

૬. **કરજ લેનાર સભ્યો :** આપણી મંડળીના કુલ ૧૦૫૨ સભ્યો છે. જે પૈકી કરજ લેનાર સભાસદોની સંખ્યા ૬૭૫ છે. કરજ નહીં લેનાર સભાસદોની સંખ્યા ૩૭૭ છે.

૭. **સભાસદ થાપણ :** ગત વર્ષના અંતે આપણી મંડળીમાં રૂા.૧૦,૬૫,૩૨,૪૫૦/- થાપણ જમા હતી. જેમાં ચાલુ વર્ષ દરમિયાન રૂા.૭૧,૨૦,૯૦૦/- થાપણમાં વધારો થતાં વર્ષ આખરે રૂા.૧૧,૩૬,૫૩,૩૫૦/- થાપણ જમા થયેલ છે.

૮. **કાર્યવાહક કમિટી :** ચાલુ વર્ષ દરમિયાન કાર્યવાહક મંડળની કુલ ૧૪ બેઠક મળી. જેમાં ૪૭૫ કરજ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.

૯. **નિવૃત્તિ/ડેથ બેનીફીટ યોજના :** વર્ષ દરમિયાન ૩૧ સભાસદો નિવૃત્ત થતાં રૂા.૫,૩૫,૪૨૦/- નો નિવૃત્તિ ફાળો તેમજ રૂા.૧,૮૦,૦૦૦/- ડેથ ફાળો ચૂકવી આપવામાં આવેલ છે.

૧૦. **દફતર તપાસણી :** તા.૧-૪-૦૬ થી ૩૧-૩-૦૭ સુધીનું ઓડિટ માનદ્ ઓડીટરશ્રીઓએ ઓડીટ કરેલ છે. તેમજ તા.૧-૪-૦૫ થી ૩૧-૩-૦૭ સુધી બે વર્ષનું ઓડીટ પ્રમાણિત ઓડિટરશ્રી પેનલ-૫૫ દ્વારા કરવામાં આવેલ છે. જેમાં મંડળીને **'અ'** વર્ગ મળેલ છે. માન.શ્રી રજીસ્ટ્રાર સાહેબ રૂરલ સહકારી મંડળીઓ તરફથી પણ ઈન્સ્પેકશન થયેલ છે. તેમજ અમદાવાદ ડિ.કો.ઓ.બેંક પાટનગર શાખા સેકટર-૧૬ના મા.બેંક ઈન્સ્પેકટર સાહેબ તરફથી ઓડિટ કરવામાં આવેલ છે.

૧૧. **નર્મદા નિધિ :** તાલુકાફેર/જિલ્લા ફેરબદલીથી આવનાર શિક્ષકોને નવીન કરજ ધીરાણને પહોંચી વળવા તેમજ કેશ ક્રેડીટ ઉંચુ વ્યાજ ન ભવું પડે તે માટે સરદાર સરોવર શ્રી નિધિમાંથી રૂા.૫૦,૦૦,૦૦૦/- (પચાસ લાખ)ની થાપણ ઉપાડેલ છે. વર્ષ આખરે રૂા.૧,૫૦,૦૦,૦૦૦/- થાપણ જમા છે.

૧૨. **ફરજીયાત બચત :** ફરજીયાત બચત યોજનામાં ગત વર્ષ આખરે ૬૯,૭૦,૫૦૦/- રૂા. જમા હતા જેમાં ચાલુ વર્ષે ૨૯,૯૬,૫૦૦/- રૂા.નો વધારો થતાં વર્ષ આખરે રૂા.૯૯,૬૭,૦૦૦/- ફરજીયાત બચત ખાતે જમા થયેલ છે.

૧૩. **પ્રોત્સાહિત ઈનામ :** ચાલુ વર્ષમાં ગાંધીનગર તાલુકા પ્રાથમિક શાળા વ્યાયામ મંડળ સંચાલિત સાંસ્કૃતિક સ્પર્ધામાં ભાગ લેનાર બાળ કલાકારોને પ્રોત્સાહક ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.

૧૪. **કેશક્રેડિટ :** સભાસદોના હિતાર્થે અમદાવાદ ડી.કો.ઓ.બેન્ક લી.ની રૂા.એક કરોડની કેશક્રેડીટ મંજૂર કરાવેલ છે. પરંતુ નાછૂટકે જ કેશક્રેડીટ ઉપાડવામાં આવે છે.

ચાલુ વર્ષ દરમિયાન મંડળીએ અમદાવાદ ડી.બેન્કના કે.કે.નો વર્ષ દરમિયાન ઘણો ઓછો ઉપયોગ કરેલ છે.

વર્ષ દરમિયાન સંસ્થાના કામકાજમાં જાગૃત રહીને મંડળીના કામકાજમાં સાથ-સહકાર અને પ્રેરણા આપવા બદલ વ્યવસ્થાપક મંડળના સભ્યશ્રીઓ તથા ઉત્સાહી મંત્રીશ્રી વાસુદેવભાઈ નાયકનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરૂં છું.

મંડળીના પ્રમુખ તરીકેની મારી નિયુક્તિ તથા સંસ્થાને પ્રમુખ તરીકેની સેવાનો લાભ અપાવનાર અને મને સાથ-સહકાર અને મારા કાર્યમાં ઉત્સાહ વધારનાર મારા વડીલશ્રીઓ અને સભાસદ ભાઈ/બહેનોનો હું ખૂબ જ ઋણી છું. ગાં.જિ.પ્રા.શિ.સંઘના પ્રમુખશ્રી બળદેવભાઈ ચૌધરી તથા ગાં.જિ.પ્રા.શિ.સંઘના મંત્રીશ્રી વિક્રમસિંહ ચાવડા તથા ગાં.તા.પ્રા.શિ.સંઘના પ્રમુખશ્રી મીઠાભાઈ કે.પટેલ, મંત્રીશ્રી તુલસીભાઈ મકવાણા તથા ઉપપ્રમુખશ્રી ભીખુભાઈ કે. પટેલ તથા દશેલા પે સેન્ટરના આચાર્યશ્રી કનૈયાલાલ કુ. રાવલ તથા અમરતલાલ કે. પટેલ તથા શિહોલી કુમાર શાળાના આચાર્યશ્રી અનિલકુમાર વી. વ્યાસ અને દશેલા પે સેન્ટરના તમામ આચાર્યશ્રીઓ તથા શિક્ષક ભાઈ / બહેનોનો તેમજ પૂર્વમંત્રીશ્રી જેઠાભાઈ ના. પટેલનો આભાર વ્યક્ત કરું છું.

મંડળીના કાયમી વહીવટમાં કામ કરનાર વહીવટી કુશળ અને કામમાં ચીવટ અને ચોકસાઈ રાખનાર મંડળીના પ્રમાણિક કાર્યાલય મંત્રીશ્રીઓ સર્વશ્રી નટવરલાલ મં.કાપડિયા, શ્રી જયંતિભાઈ પુ. બ્રહ્મભટ્ટ તથા શ્રી બહેચરભાઈ મ. પટેલનો આભાર માનું છું.

ધી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો.ઓ. બેંક લી. સેકટર-૧૬ શાખાના મેનેજરશ્રી તથા બેંકના સર્વ સ્ટાફનો આ તબક્કે ખુબ ખુબ આભાર વ્યક્ત કરૂં છું.

પ્રતિમાસ કરજ હપ્તાના ચેક નિયમિત આપવા બદલ માનનીય જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા કેળવણી નિરીક્ષકશ્રી, બી.આર.સી., સી.આર.સી., નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા શિક્ષણ શાખાના સર્વે સ્ટાફ મિત્રોનો આભાર વ્યક્ત કરૂં છું.

માનનીય જિલ્લા રજિસ્ટ્રાર સાહેબે મંડળી પ્રત્યે દર્શાવેલ સહાનુભૂતિ અને સહકાર બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરૂં છું.

મંડળીના વહીવટ અને પ્રગતિમાં પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે મને સાથ સહકાર અને માર્ગદર્શન આપનાર સૌ કોઈનો આ તબક્કે આભાર વ્યક્ત કરૂં છું.

સહકારી સંસ્થામાં આપ સૌના સહકારથી મંડળીએ સભાસદોનો વિશ્વાસ સંપાદન કરી મને વર્ષ દરમિયાન કામ કરવાની જે તક આપી તે બદલ હું સભાસદોનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરૂં છું.


*" આપ સૌનો આભાર"*

*"વિના સહકાર નહિ ઉદ્ધાર"*

**શ્રી કનુભાઈ એસ. ઠાકોર**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

જે બીજાનું ભલું કરે છે તેનું ભલું ખુદ ઈશ્વર કરે છે.

## મંત્રીશ્રીનું નિવેદન



શ્રી વાસુદેવ આર. નાયક
મંત્રીશ્રી
ગાં.તા.પ્રા.શિ.શ.સ.મં.લી.,
ગાંધીનગર

**સુજ્ઞ આદરણીય સભાસદ ભાઈ-બહેનો,**

શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.ની ૪૦મી વાર્ષિક સાધારણ સભામાં ૨૦૦૬-૦૭ વર્ષનો વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

પ્રમુખશ્રીના નિવેદનમાં આપણી મંડળીનો પ્રગતિકારક અન્વેષણ અહેવાલ રજૂ કરેલ છે. ચાલુ વર્ષે મંડળીના મંત્રી તરીકે મારી નિયુક્તિ કરી મને કામ કરવાની તક આપવામાં આવી તે બદલ વ્યવસ્થાપક કમીટી તથા આપ સૌ સભાસદોનો હું ઋણી છું.

૨૦૦૬-૦૭ વર્ષનો અહેવાલ આપની સમક્ષ રજૂ કરેલ છે. અહેવાલના અભ્યાસ દ્વારા જણાશે કે ચાલુ વર્ષે મંડળીના વહીવટી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયેલ છે અને મંડળીના વહીવટમાં ચોક્કસ દિશા આપીને મંડળીની પ્રગતિમાં હરણફાળ ભરાવીને વિકાસના પંથે આગેકૂચ દિશામાં પ્રગતિ કરેલ છે. જે આપ સૌને અહેવાલના અભ્યાસ દ્વારા ખાતરી થશે. જેમાં થાપણના પ્રવાહનો વ્યાપ રહ્યો છે. થાપણદારોની વિશ્વાસનિયતા સલામતિ અને સુગમતાનું ઉમદા ઉદાહરણ બતાવે છે.

ફરજીયાત બચત વ્યાજ, વ્યાજવળતર, નિવૃત્તિ ફાળો, ડેથ ફાળો વગેરે ફંડોની કાચા નફામાંથી જોગવાઈ કર્યા બાદ ચોખ્ખો નફો ૧૨,૮૫,૬૬૭/- રૂા.નોંધાયેલ છે. ચાલુ વર્ષે વ્યવસ્થાપક કમીટીએ ફરજીયાત બચત પર ૧૮% વ્યાજ, કરજ વ્યાજ વળતર ૩% તેમજ શેર ડિવિડન્ડ ૬% ની ભલામણ કરેલ હોઈ દરેક સભાસદને સંતોષ આપવાનો પ્રયત્ન કરેલ છે.

મંડળીની પ્રગતિમાં તેમજ વહીવટમાં સાથ-સહકાર અને પ્રેરણા આપનાર મંડળીના પ્રમુખશ્રી કનુભાઈ સો. ઠાકોર તથા ઉપપ્રમુખશ્રી ભીખુભાઈ કે.પટેલ તથા સ્નેહી કારોબારી સભ્યશ્રીઓ તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી બળદેવભાઈ ચૌધરી તથા મંત્રીશ્રી વિક્રમસિંહ ચાવડા તથા તાલુકા સંઘના પ્રમુખશ્રી મીઠાભાઈ કે. પટેલનો હું આભાર વ્યક્ત કરૂં છું.

મંડળીના મંત્રી તરીકેની નિયુક્તિમાં સાથ-સહકાર માર્ગદર્શન તથા મારા કાર્યમાં પ્રત્યક્ષ જવાબદાર એવા સ્નેહીજનો પૈકી ટીંટોડા પગાર કેન્દ્ર શાળાઓના તમામ આચાર્યશ્રીઓ, શિક્ષકભાઈ-બહેનો તથા ટીંટોડા પ્રાથમિક શાળા પરિવારનો પણ હું ઋણી છું.

મંડળીના વહીવટમાં સહાયભૂત બનનાર પગાર કેન્દ્રના આચાર્યશ્રીઓ, તાલુકા અને જિલ્લા સંઘના હોદ્દેદારશ્રીઓ, નિવૃત્ત હોદ્દેદારશ્રીઓ, તાલુકા જિલ્લા વ્યાયામ મંડળના તમામ હોદ્દેદારશ્રીઓ, સી.આર.સી.શ્રીઓ, બી.આર.શ્રી, કેળવણી નિરીક્ષકશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રી પી.બી.પટેલ સાહેબનો ખૂબ ખૂબ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરૂં છું.

મંડળીના નાણાંકીય લેવડદેવડમાં માર્ગદર્શકશ્રી અમદાવાદ ડી.કો.ઓ.બેંક સેકટર-૧૬ ગાંધીનગર શાખાના મેનેજર સાહે, બેંક ઈન્સ્પેકટરશ્રી તથા બેંકના તમામ કર્મચારીઓનો આભાર વ્યક્ત કરૂં છું.

ઉપરાંત નિવૃત્ત આચાર્ય શ્રી રણછોડભાઈ કે.પટેલ તથા મંડળીના પ્રમાણિક મંત્રીશ્રી નટવરલાલ મં. કાપડિયા, શ્રી જયંતિભાઈ પુ.બ્રહ્મભટ્ટ તથા શ્રી બેચરભાઈ મ.પટેલ તેમજ પટાવાળા શ્રી પ્રમોદભાઈ શુકલનો પણ આભાર વ્યક્ત કરૂં છું. ફરી ટીંટોડા પગાર કેન્દ્રના તમામ શિક્ષકો તેમજ આચાર્યશ્રીઓનો પણ આભાર વ્યક્ત કરૂં છું.

માન. રજિસ્ટ્રાર સાહેબ (રૂરલ) અમદાવાદ કચેરીનો સ્ટાફ તેમજ જિલ્લા સહાકારી સંઘના પ્રમુખશ્રીનો પણ સાથ સહકાર આપવા બદલ આભાર વ્યક્ત કરૂં છું.

અંતમાં આપણી મંડળી આપણા સૌના ભગીરથ પ્રયાસોથી, સહકારના સિદ્ધાંતો દ્વારા ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સિદ્ધ કરી એક વિરાટ કલ્પવૃક્ષ અને સભાસદોની કામધેનું બની રહે એ જ અભ્યર્થના સાથે વિરમું છું.

**શ્રી વાસુદેવ આર. નાયક**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## તા. ૩૧-૩-૨૦૦૭ ના રોજનો આપનો હિસાબ

| ખાતા નંબર | બાકી કરજ | જમા શેરની રકમ | ફરજિયાત બચતની રકમ | થાપણ | શેરો |
|---|---|---|---|---|---|
| | | | | | |

નોંધ : આપના હિસાબમાં ભૂલચૂક હોય તો દિન-૧૦ માં ખાતા નંબર સાથે વિગતવાર મંત્રીશ્રીને જાણ કરવી. નહીંતર આપનો હિસાબ બરાબર છે તેમ માનવામાં આવશે.

## સને ૨૦૦૬-૨૦૦૭ ના વર્ષના નફાની વહેંચણીનું ભલામણ પત્રક

| વિગત | જમા રૂપિયા | વિગત | ઉધાર રૂપિયા |
|---|---|---|---|
| ચોખ્ખો નફો | ૧૨,૮૫,૬૬૭/- | રીઝર્વ ફંડ ૨૫% | ૩,૨૧,૪૧૭/- |
| | | શેર ડિવિડન્ડ ૬% | ૯,૦૬,૦૩૨/- |
| | | શિક્ષણ ફાળો ૧% | ૧૨,૧૫૬/- |
| | | શકમંદ લ્હેણા ફંડ | ૧૦,૦૦૦/- |
| | | વ્યાજ વળતર ફંડ | ૬,૭૪૪/- |
| | | કર્મચારી બોનસ | ૧૫,૫૦૦/- |
| | | સહકાર પ્રચાર | ૪,૬૦૬/- |
| | | ધર્માદા ફંડ | ૯,૨૧૨/- |
| | ૧૨,૮૫,૬૬૭/- | કુલ.... | ૧૨,૮૫,૬૬૭/- |

## વહીવટી ખર્ચ

| | |
|---|---|
| શ્રી પગાર ખાતે | ૧,૮૬,૦૦૦/- |
| શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૪,૦૦૦/- |
| શ્રી ભાડા ભથ્થા ખાતે | ૩૫,૩૯૪/- |
| શ્રી સરભરા ખર્ચ ખાતે | ૨૯,૯૭૬/- |
| શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૬૨,૨૪૨/- |
| શ્રી પરચૂરણ ખર્ચ ખાતે | ૫,૦૩૫/- |
| શ્રી પેટ્રોલ ખર્ચ ખાતે | ૩૦,૦૦૦/- |
| શ્રી જનરલસભા ખર્ચ ખાતે | ૧,૩૯,૦૩૩/- |
| | ૫,૩૯,૬૮૦/- |

## તા. ૧-૪-૨૦૦૬ થી તા. ૩૧-૩-૨૦૦૭ સુધીની જનરલ તારીજ

| જમા રૂપિયા | ખાતાનું નામ | ઉધાર રૂપિયા |
|---|---|---|
| ૧૨,૩૪,૫૩,૦૯૬ | શ્રી અમ.ડી.કો.ઓ.બેન્ક લી. ખાતે | ૧૨,૬૨,૨૨,૦૯૯ |
| ૧૦,૬૮,૨૫,૫૦૦ | શ્રી કરજ ખાતે | ૧૧,૪૦,૩૩,૫૦૦ |
| ૧૨,૨૪,૯૭,૧૦૦ | શ્રી થાપણ ખાતે | ૧૧,૫૩,૭૬,૨૦૦ |
| ૧,૧૭,૯૫,૩૪૬ | શ્રી કરજ વ્યાજ ખાતે | ૨૩,૪૦,૩૫૦ |
| ૧,૦૩૫ | શ્રી થાપણ વ્યાજ ખાતે | ૮૭,૧૫,૯૧૬ |
| ૧૨,૭૩,૪૭૯ | શ્રી સરદાર સરોવરશ્રી નિધિ વ્યાજ ખાતે | — |
| — | શ્રી કેશક્રેડીટ વ્યાજ ખાતે | ૧,૭૨,૫૮૮ |
| ૧૩,૧૩,૬૮૦ | શ્રી શેરભંડોળ ખાતે | ૬,૪૯,૬૦૦ |
| ૧૩,૧૩,૬૮૦ | શ્રી શેરફાળા ખાતે | ૧૩,૧૩,૬૮૦ |
| — | શ્રી કર્મચારી વેતન ખાતે | ૧,૮૬,૦૦૦ |
| ૧૫,૫૦૦ | શ્રી કર્મચારી બોનસ ખાતે | ૧૫,૫૦૦ |
| — | શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૪,૦૦૦ |
| — | શ્રી ભાડા ભથ્થા ખાતે | ૩૫,૩૯૪ |
| — | શ્રી પરચૂરણ ખર્ચ ખાતે | ૫,૦૩૫ |
| — | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૬૨,૨૪૨ |
| — | શ્રી પોસ્ટેજ ખર્ચ ખાતે | ૩,૬૩ |
| — | શ્રી પેટ્રોલ એલાઉન્સ ખાતે | ૩૦,૦૦૦ |
| ૨,૩૯,૪૦૦ | શ્રી ડેથ બેનીફીટ યોજના ખાતે | ૧,૮૦,૦૦૦ |
| ૩,૬૦,૩૫૦ | શ્રી નિવૃત્તિ યોજના ખાતે | ૫,૩૫,૪૨૦ |
| ૫,૦૦૦ | શ્રી ડિવિડન્ડ ઈકવી. ફંડ ખાતે | — |
| ૧૫,૮૮,૦૧૦ | શ્રી શેર ડિવિડન્ડ ખાતે | ૧૫,૮૧,૪૨૦ |
| — | શ્રી સરભરા ખર્ચ ખાતે | ૨૯,૯૭૬ |
| ૩,૫૩,૧૦૦ | શ્રી વ્યાજ વળતર ખાતે | — |
| ૧૨,૦૦૦ | શ્રી શિક્ષણ ખાતે | ૧૨,૦૦૦ |
| ૧૭,૯૪,૦૬૦ | શ્રી ફરજીયાત બચત વ્યાજ ખાતે | ૬,૯૪,૯૩૦ |
| ૧૨,૮૧૨ | શ્રી ઘસારા ખંડ ખાતે | — |
| ૫૦ | શ્રી ધર્માદા ફંડ ખાતે | ૩૩,૧૫૦ |
| ૨૦,૦૦૦ | શ્રી બિલ્ડીંગ ફંડ ખાતે | ૯,૨૦૦ |
| ૫,૪૪,૫૨૦ | શ્રી રીઝર્વ ફંડ ખાતે | — |
| ૧,૧૦,૪૧૧ | શ્રી બાંધી મુદત થાપણ વ્યાજ ખાતે | — |

(પાછળ ચાલુ...

## તા. ૧-૪-૨૦૦૬ થી તા. ૩૧-૩-૨૦૦૭ સુધીની જનરલ તારીજ

| જમા રૂપિયા | ખાતાનું નામ | ઉધાર રૂપિયા |
|---|---|---|
| ૫૫,૦૦,૦૦૦ | શ્રી અમ.ડી.બેન્ક ચાલુ ખાતે | ૯૫,૦૦,૦૦૦ |
| ૩૩,૨૪,૫૦૦ | શ્રી ફરજયાત બચત ખાતે | ૩,૨૮,૦૦૦ |
| — | શ્રી અમ.ડી.બેન્ક કાઉન્ટીંગ ચાર્જ ખાતે | ૨૫૩ |
| ૩૫,૦૦૦ | શ્રી સભાસદ વિદ્યાર્થી પ્રોત્સાહક ફંડ ખાતે | — |
| — | શ્રી લવાજમ ખાતે | ૧,૩૦૯ |
| ૧,૬૫,૦૦,૦૦૦ | શ્રી અમ.ડી.કો. બેન્ક ફીકસ ડીપો.ખાતે | ૧,૯૦,૦૦,૦૦૦ |
| — | શ્રી અમ.ડી.કો.બેન્ક શેર ખાતે | ૪,૪૬,૫૦૦ |
| ૪૯,૮૧૫ | શ્રી અમ.ડી.કો.બેન્ક શેર ડિવિડન્ડ ખાતે | — |
| — | શ્રી ચેકબુક ખાતે | ૨,૫૦૦ |
| — | શ્રી પેકેજ પોલીસી ખાતે | ૯,૦૮૬ |
| ૫૮,૨૦૦ | શ્રી સ્ટેમ્પ ખાતે | ૬૪,૮૦૦ |
| ૫,૦૩૨ | શ્રી જનરલ સભા ખર્ચ ખાતે | ૧,૩૭,૦૩૩ |
| ૩૯૦ | શ્રી સભાસદ ફી ખાતે | ૩૯૦ |
| ૩૮૦ | શ્રી ડેથ સભાસદ ફી ખાતે | ૩૮૦ |
| ૬૧૦ | શ્રી નોમીનલ સભાસદ ફી ખાતે | ૬૧૦ |
| — | શ્રી સભાસદ બોન્ડ ખાતે | ૩૨,૦૦૦ |
| ૮,૯૧૨ | શ્રી સહકાર પ્રચાર ખાતે | ૪,૦૨૦ |
| — | શ્રી સભાસદ બોન્ડ વ્યાજ ખાતે | — |
| ૫૦,૦૦,૦૦૦ | શ્રી સરદાર સરોવર થાપણ ખાતે | — |
| ૨,૪૦૨ | શ્રી શેર ડુપ્લીકેટ ફી ખાતે | — |
| — | શ્રી ટેલીફોન ખાતે | ૭,૭૪૭ |
| — | શ્રી વીજળીબીલ ખાતે | ૪,૩૬૩ |
| — | શ્રી અમ.ડી.બેન્ક નોમીનલ સભાસદ ફી ખાતે | ૮૫ |
| — | શ્રી નફાતોટા ખાતે | ૨૧,૭૨,૫૬૨ |
| ૨૨,૦૨૩ | ઉઘડતી સિલક | — |
| — | બંધ સિલક | ૩૫,૧૯૨ |
| ૪૦,૪૦,૩૫,૩૯૩ | કુલ | ૪૦,૪૦,૩૫,૩૯૩ |

**શ્રી કનુભાઈ એસ. ઠાકોર**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**શ્રી વાસુદેવ આર. નાયક**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

પ્રતિશ્રી,
પ્રમુખ / મંત્રીશ્રી,
ગાંધીનગર તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## માનદ્ ઓડીટરશ્રીઓનો શેરો

શ્રી ગાંધીનગર તાલુકા પ્રા.શિ.સ.મંડળીના તા.૧/૪/૦૬ થી ૩૧/૩/૦૭ સુધીના તમામ હિસાબોનું ઓડીટ કરવામાં આવ્યું. ઓડીટમાં તમામ જમા ઉધાર વાઉચરો, થાપણો, રોજમેળ, રોકડ જમા પાવતીઓ, જનરલ ખાતાવહી, થાપણ રસીદો, ચેકબુકો, પાસબુકોનું મેળવણું તથા અન્ય સંસ્થાઓમાં કરેલ રોકાણની યાદીની ચકાસણી કરવામાં આવી.

વહીવટી સૂચનોનું સ્પષ્ટીકરણ મંત્રીશ્રી તથા કાર્યાલય મંત્રીશ્રી સાથે કરવામાં આવ્યું અને તેમાં જરૂરી સુધારા વધારા કરવા માટેનું જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. મંડળીનો વહીવટ ખૂબ જ કરકસર અને કુનેહપૂર્વક તથા પ્રમાણિકપણે કરવામાં આવેલ છે.

મંડળીનો વહીવટ સ્વચ્છ અને સુંદર રીતે ચાલે છે. તેમજ પ્રમુખશ્રી, મંત્રીશ્રી, કાર્યાલય મંત્રીશ્રીઓ તેમજ વ્યવસ્થાપક કમીટીના સભ્યોની કાર્યદક્ષતા ધન્યવાદને પાત્ર છે. મંડળી દિનપ્રતિદિન ઉન્નતિ કરે, પ્રગતિ પામે અને તમામ સભાસદોને તેનો બેવડો લાભ મળે એવી અભ્યર્થના સહ.

લિ. અમો છીએ.

(૧) **શ્રી નટવરલાલ લવજીભાઈ ચૌધરી**
માનદ્ ઓડીટરશ્રી, રાંધેજા વિભાગ

(૨) **શ્રી કનુભાઈ શકરાભાઈ પટેલ**
માનદ્ ઓડીટરશ્રી ડભોડા વિભાગ

(૩) **શ્રી બાબુજી કેશાજી મારસુણિયા**
માનદ્ ઓડીટરશ્રી, અડાલજ વિભાગ

## તા. ૧-૪-૨૦૦૬ થી તા. ૩૧-૩-૨૦૦૭ સુધીની નફા-નુકશાનનું પત્રક

| ઉપજ | રૂપિયા | ખર્ચ | રૂપિયા |
|---|---:|---|---:|
| કરજ વ્યાજ ખાતે | ૧,૧૭,૯૫,૩૪૬ | શ્રી મંત્રી માનદ્ વેતન ખાતે | ૧,૮૬,૦૦૦ |
| શેર ડુપ્લી.ફી | ૨,૪૦૨ | શ્રી વસુલાત ખર્ચ | ૫૪,૦૦૦ |
| સરદાર સરોવર શ્રી નિધિ વ્યાજ ખાતે | ૧૨,૭૩,૪૭૯ | ભાડા ભથ્થા ખાતે | ૩૫,૩૯૪ |
| અમ.ડી.બેન્ક શેર ડિવિડન્ડ | ૪૯,૮૧૫ | શ્રી પરચુરણ ખર્ચ ખાતે | ૫,૦૩૫ |
| થાપણ વ્યાજ પરત | ૧,૦૩૫ | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૬૨,૨૪૨ |
| જનરલ સભા પરત ખાતે | ૫,૦૩૨ | શ્રી પોસ્ટેજ ખર્ચ ખાતે | ૩૬૩ |
| અમ.ડી.બેંક બાંધી મુદત થાપણ વ્યાજ | ૧,૧૦,૪૧૧ | શ્રી ટેલીફોન ખર્ચ ખાતે | ૭,૭૪૭ |
| | | શ્રી વિજળી બીલ | ૪,૩૬૩ |
| | | શ્રી થાપણ વ્યાજ ખાતે | ૮૭,૧૫,૯૧૬ |
| | | શ્રી સરભરા ખર્ચ ખાતે | ૨૯,૯૭૬ |
| | | શ્રી પેકેજ પોલીસી ખાતે | ૯,૦૮૬ |
| | | શ્રી જનરલ સભા ખર્ચ ખાતે | ૧,૩૭,૦૩૩ |
| | | શ્રી પેટ્રોલ એલાઉન્સ ખાતે | ૩૦,૦૦૦ |
| | | શ્રી કેશ ક્રેડીટ વ્યાજ ખાતે | ૧,૭૨,૫૮૮ |
| | | શ્રી કરજ વ્યાજ ખાતે | ૨૩,૪૦,૩૫૦ |
| | | શ્રી લવાજ ખાતે | ૧,૩૦૯ |
| | | શ્રી નોમી.સભા અમ.ડી.બેંક ખાતે | ૮૫ |
| | | શ્રી ચેકબુક ખાતે | ૨૫,૦૦૦ |
| | | શ્રી કાઉન્ટીગ ખર્ચ ખાતે | ૨૫૩ |
| | | શ્રી સભાસદ બોન્ડ ખાતે | ૨૧,૧૭૨ |
| | | શ્રી નિવૃત્તિ યોજના ખાતે | ૧,૩૬,૪૪૧ |
| કુલ. | ૧,૩૨,૩૭,૫૨૦ | કુલ... | ૧,૧૯,૫૧,૮૫૩ |
| | | નફો | ૧૨,૮૫,૬૬૭ |
| **એકંદરે કુલ.** | **૧,૩૨,૩૭,૫૨૦** | **એકંદરે કુલ...** | **૧,૩૨,૩૭,૫૨૦** |

**શ્રી કનુભાઈ એસ. ઠાકોર**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**શ્રી વાસુદેવ આર. નાયક**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

મેળવજો નીતિથી, વાપરજો પ્રીતિથી, ભોગવજો રીતિથી, તો બચી જશો દુર્ગતિથી.

## • તા. ૩૧-૩-૨૦૦૭ ના રોજનું સરવૈયું •

| દેવું-મિલકત | રૂપિયા | પુંજી લેણું | રૂપિયા |
|---|---|---|---|
| શ્રી થાપણ ખાતે | ૧૧,૩૬,૫૩,૩૫૦ | શ્રી અમ.ડી.બેન્ક કે.કે.ખાતે | ૨૦૪૮૬૧૪ |
| શ્રી શેરભંડોળ ખાતે | ૧,૫૧,૦૦,૫૩૦ | શ્રી કરજ ખાતે | ૧૨,૩૫,૨૦,૬૦૦ |
| શ્રી ડેથ બેનીફીટ યોજના ખાતે | ૫૯,૮૦૦ | શ્રી ડેડ સ્ટોક ખાતે | ૧,૨૮,૧૫૫ |
| શ્રી ડિવિ. ઈક્વિટી ફંડ ખાતે | ૬૪,૩૧૦ | શ્રી સ્ટેમ્પ ખાતે | ૧૧,૮૮૦ |
| | — | શ્રી ટેલીફોન ડીપોઝીટ ખાતે | ૬,૧૬૦ |
| શ્રી નિવૃત્ત ફાળા ખાતે | ૫૦,૦૦૦ | શ્રી અમ.ડી.બેંક ચાલુ ખાતે | ૪૦,૦૦,૫૦૧ |
| શ્રી શેર ડિવિડન્ડ ખાતે | ૨૨,૨૧૬ | શ્રી સરદાર સરોવર શ્રી નિધિ ખાતે | ૧,૫૦,૦૦,૦૦૦ |
| શ્રી વ્યાજ વળતર ખાતે | ૩,૫૩,૧૦૦ | શ્રી અમ.ડી. બેંક શેર ખાતે | ૧૦,૦૦,૦૦૦ |
| શ્રી ઘસારા ફંડ ખાતે | ૧૭,૮૧૨ | શ્રી મકાન ખાતે | ૧૦,૦૩,૧૧૯ |
| શ્રી ધર્માદા ફંડ ખાતે | ૧,૯૮૬ | ગાં.તા.પ્રા.શિ.ગ્રાહક મંડળી ખાતે | ૮૯,૦૯૫ |
| શ્રી બિલ્ડીંગ ફંડ ખાતે | ૪,૮૮,૩૪૨ | અમ.જી.મધ્યસ્થ બેંક ખાતે | ૨,૫૦૦ |
| શ્રી રીઝર્વ ફંડ ખાતે | ૬૪,૦૮,૩૨૨ | અમ.ડી.બેંક બાંધી મુદત થાપણ ખાતે | ૨૫,૦૦,૦૦૦ |
| શ્રી વિદ્યા લક્ષ્મી બોન્ડ ખાતે | ૩૩,૯૦૦ | | |
| શ્રી ફરજીયાત બચત ખાતે | ૯૯,૬૭,૦૦૦ | | |
| શ્રી સભાસદ વિદ્યાર્થી પ્રોત્સાહક ફંડ ખાતે | ૩૫,૦૦૦ | | |
| શ્રી ફરજીયાત બચત વ્યાજ ખાતે | ૧૭,૯૯,૧૧૭ | | |
| શ્રી સહકાર પ્રચાર ખાતે | ૫,૩૬૪ | બંધ થતી સિલક | ૩૫,૧૯૨ |
| નફો | ૧૨,૮૫,૬૬૭ | | |
| કુલ | ૧૪,૯૩,૪૫,૮૧૬ | કુલ | ૧૪,૯૩,૪૫,૮૧૬ |

**શ્રી કનુભાઈ એસ. ઠાકોર**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**શ્રી વાસુદેવ આર. નાયક**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

સત્કર્મ સ્વભાવ બને એજ સાચો કર્મયોગી.

## • નિવૃત્તિ ફાળો ચૂકવ્યાની યાદી •

### તા. ૩૧-૫-૨૦૦૬ તથા ૩૧-૧૦-૨૦૦૬ ના રોજ નિવૃત્ત થયેલા

| અ.નં. | સભાસદ શિક્ષકનું નામ | શાળા | ઠરાવ નં./તારીખ | ચૂકવ્યા તારીખ | રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | પુંજાભાઈ બહેચરભાઈ પટેલ | છાલા | ૭/૧૧-૧૧-૦૫ | ૮/૫/૦૬ | ૧૭,૦૦૦ |
| ૨ | ગણપતભાઈ નારણભાઈ પરમાર | ચામુંડાપુરા | ૫/૬-૬-૦૬ | ૧૪/૮/૦૬ | ૧૭,૦૦૦ |
| ૩ | જયંતિભાઈ ચીમનલાલ જોષી | ધણપ | ૫/૬-૬-૦૬ | ૧૪/૮/૦૬ | ૧૭,૦૦૦ |
| ૪ | લીલાવતીબેન કેશવલાલ પટેલ | પાર્શ્વનાથનગર | ૫/૬-૬-૦૬ | ૧૭/૮/૦૬ | ૧૭,૦૦૦ |
| ૫ | નિર્મળાબેન રામચંદ્ર વાધવાણી | મોટેરા | ૫/૧૫-૪-૦૬ | ૧૭/૮/૦૬ | ૧૭,૦૦૦ |
| ૬ | ચંદ્રિકાબેન ભાઈલાલભાઈ તલસાણિયા | રાયપુર | ૪/૮-૨-૦૬ | ૧૭/૮/૦૬ | ૧૭,૦૦૦ |
| ૭ | રામજીભાઈ જીવાભાઈ પટેલ | છાલા | ૫/૬-૬-૦૬ | ૨૧/૮/૦૬ | ૧૭,૦૦૦ |
| ૮ | હીરાબેન ગણેશભાઈ પરમાર | લક્ષ્મીનગર | ૫/૬-૬-૦૬ | ૨૧/૮/૦૬ | ૧૭,૦૦૦ |
| ૯ | લીલાવતીબેન ડાહ્યાભાઈ પટેલ | રાયપુર | ૫/૬-૬-૦૬ | ૨૨/૮/૦૬ | ૧૭,૦૦૦ |
| ૧૦ | લલિતાબેન શંકરલાલ પટેલ | કુડાસણ | ૫/૬-૬-૦૬ | ૨૨/૮/૦૬ | ૧૭,૦૦૦ |
| ૧૧ | ઉષાબેન લાલભાઈ દોશી | સોના ગલુદણ | ૫/૬-૬-૦૬ | ૨૩/૮/૦૬ | ૧૭,૦૦૦ |
| ૧૨ | લક્ષ્મીબેન કોદરભાઈ શ્રીમાળી | સોના ગલુદણ | ૫/૬-૬-૦૬ | ૨૯/૮/૦૬ | ૧૭,૦૦૦ |

**તા. ૩૧/૧૦/૨૦૦૬ નિવૃત્ત થયેલ**

| અ.નં. | સભાસદ શિક્ષકનું નામ | શાળા | ઠરાવ નં./તારીખ | ચૂકવ્યા તારીખ | રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | મીરાબેન નવલપ્રસાદ મહેતા | અંબાપુર | ૪/૮-૨-૦૬ | ૭/૧૨/૦૬ | ૧૭,૦૦૦ |
| ૨ | સવિતાબેન નાથાલાલ પટેલ | લવારપુર | ૫/૧૧-૧૧-૦૬ | ૧૭/૧/૦૭ | ૧૭,૦૦૦ |
| ૩ | છબાભાઈ રણછોડભાઈ પટેલ | ગિયોડ | ૫/૧૧-૧૧-૦૬ | ૧૭/૧/૦૭ | ૧૭,૦૦૦ |
| ૪ | મોહનભાઈ ગજાભાઈ પરમાર | કોલવડા | ૫/૧૧-૧૧-૦૬ | ૧૭/૧/૦૭ | ૧૭,૦૦૦ |
| ૫ | રામાભાઈ છોટાલાલ સોની | કોલવડા | ૫/૧૧-૧૧-૦૬ | ૧૭/૧/૦૭ | ૧૭,૦૦૦ |
| ૬ | જશોદાબેન ચંદુલાલ જોષી | કોલવડા | ૫/૧૧-૧૧-૦૬ | ૧૭/૧/૦૭ | ૧૭,૦૦૦ |
| ૭ | દશરથભાઈ જેઠાલાલ શુકલ | કોલવડા | ૫/૧૧-૧૧-૦૬ | ૧૭/૧/૦૭ | ૧૭,૦૦૦ |
| ૮ | બબાભાઈ પુંજાભાઈ પટેલ | ગિયોડ | ૫/૧૧-૧૧-૦૬ | ૧૭/૧/૦૭ | ૧૭,૦૦૦ |
| ૯ | મોતીભાઈ જીવાભાઈ પટેલ | ગિયોડ | ૫/૧૧-૧૧-૦૬ | ૧૭/૧/૦૭ | ૧૭,૦૦૦ |
| ૧૦ | કનૈયાલાલ કુબેરદાસ રાવલ | દશેલા | ૫/૧૧-૧૧-૦૬ | ૧૭/૧/૦૭ | ૧૭,૦૦૦ |
| ૧૧ | ભીખીબેન છોટાલાલ ભાવસાર | ચિલોડા | ૫/૧૧-૧૧-૦૬ | ૧૭/૧/૦૭ | ૧૭,૦૦૦ |
| ૧૨ | કૈલાસબેન રામચંદ્ર પટેલ | ગુ.હા.બો.૨ | ૫/૧૧-૧૧-૦૬ | ૧૭/૧/૦૭ | ૧૭,૦૦૦ |

ઘર મોટા હોય તો ભેગુ નથી રહેવાતું, મન મોટા હોય તો ભેગુ રહેવાય છે.

| અ.નં. | સભાસદનું નામ | શાળા | ઠરાવ નં. /તારીખ | ચૂકવ્યા તારીખ | રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧૩ | કાન્તાબેન કાળીદાસ પટેલ | ચાંદખેડા | ૫/૧૧-૧૧-૦૬ | ૧૭/૧/૦૭ | ૧૭,૦૦૦ |
| ૧૪ | પ્રતાપજી શકરાજી પરમાર | કુડાસણ | ૫/૧૧-૧૧-૦૬ | ૧૭/૧/૦૭ | ૧૭,૦૦૦ |
| ૧૫ | કમળાબેન પુંજાભાઈ વાઘેલા | તારાપુર | ૫/૧૧-૧૧-૦૬ | ૯/૨/૦૭ | ૧૭,૦૦૦ |
| ૧૬ | ત્રિભોવનદાસ રામાભાઈ સોલંકી | સરગાસણ | ૫/૬-૬-૦૬ | ૧૪/૨/૦૭ | ૧૭,૦૦૦ |
| ૧૭ | નીરૂબેન નાથાલાલ જોષી | કુડાસણ | ૫/૧૧-૧૧-૦૬ | ૨૭/૨/૦૭ | ૧૭,૦૦૦ |
| ૧૮ | વાસુદેવ અંબાલાલ પટેલ | ઈસનપુર | ૫/૧૧-૧૧-૦૬ | ૯/૩/૦૭ | ૧૭,૦૦૦ |
| ૧૯ | બબીબેન નરસિંહભાઈ પટેલ | કોલવડા | ૫/૧૧-૧૧-૦૬ | ૧૦/૩/૦૭ | ૧૭,૦૦૦ |

## ડેથ ફાળાની વિગત : ૨૦૦૬-૨૦૦૭

| અ.નં. | સભાસદ શિક્ષકનું નામ | શાળા | ઠરાવ નં. | ચૂકવ્યા તારીખ | રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | બ્રિજનાથ રાજકુમાર તિવારી | સોના ગલુદણ | ૪/૧૫-૪-૦૬ | ૨૬/૬/૦૬ | ૯૦,૦૦૦ |
| ૨ | કાન્તાબેન નરસિંહભાઈ રાઠોડ | સરગાસણ | ૫/૬-૬-૦૬ | ૧૭/૭/૦૬ | ૯૦,૦૦૦ |

## વ્યાજના દર

| | | |
|---|---|---|
| થાપણ | ૧ વર્ષની મુદત માટે ૮.૫ % | નોંધ : પાકતી તારીખ પહેલાં થાપણ વટાવવામાં આવશે તો ૪.૮૦ ટકા પ્રમાણે વ્યાજ આપવામાં આવશે. |
| કરજ લોન | ૯.૬૦ % | |
| ફરજીયાત બચત | ૧૮ % | વાર્ષિક નફાને આધીન વ્યાજનો દર કારોબારીની ભલામણથી નક્કી કરવામાં આવશે |

**શ્રી કનુભાઈ એસ. ઠાકોર**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**શ્રી વાસુદેવ આર. નાયક**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

આફતના મોટા લાગતા પહાડો બરફના બનેલા હોય છે, પરિશ્રમ તેને પિગળાવી દે છે.

## • નિવૃત્ત સન્માન શિક્ષકોની યાદી •

| ક્રમ | શિક્ષકશ્રીનું નામ | શાળા | નિવૃત્તિ તારીખ |
|---|---|---|---|
| ૧ | સવિતાબેન નાથાલાલ પટેલ | લવારપુર | વયનિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૨ | છબાભાઈ રણછોડભાઈ પટેલ | ગિયોડ | વયનિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૩ | બબાભાઈ પુંજાભાઈ પટેલ | ગિયોડ | વયનિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૪ | મોતીભાઈ જીવાભાઈ પટેલ | ગિયોડ | વયનિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૫ | કનૈયાલાલ કુબેરદાસ રાવલ | દશેલા | વયનિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૬ | મોહનભાઈ ગજાભાઈ પરમાર | કોલવડા કુમાર-૧ | વયનિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૭ | રામાભાઈ છોટાલાલ સોની | કોલવડા કુમાર-૨ | વયનિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૮ | જશોદાબેન ચંદુલાલ જોષી | કોલવડા કન્યા-૨ | વયનિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૯ | દશરથલાલ જેઠાલાલ શુકલ | કોલવડા કન્યા-૧ | વયનિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૧૦ | નીરૂબેન નાથાલાલ જોષી | કુડાસણ | વયનિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૧૧ | વાસુદેવ અંબાલાલ પટેલ | ઈસનપુર મોટા | વયનિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૧૨ | ભીખીબેન છોટાલાલ ભાવસાર | ચિલોડા | વયનિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૧૩ | પ્રતાપજી શકરાજી પરમાર | કુડાસણ | વયનિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૧૪ | કાન્તાબેન કાળીદાસ પટેલ | ચાંદખેડા | વયનિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૧૫ | કૈલાસબેન રામચંદ્ર પટેલ | ગુ.હા.બોર્ડ-૨ | વયનિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૧૬ | કમળાબેન પુંજાભાઈ વાઘેલા | તારાપુર | સ્વૈ.નિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૧૭ | બબુબહેન નરસિંહભાઈ પટેલ | કોલવડા કન્યા-૧ | સ્વૈ.નિવૃત્તિ ૩૧/૧૦/૦૬ |
| ૧૮ | શારદાબેન ભાઈલાલભાઈ પટેલ | મોટેરા | સ્વૈ.નિવૃત્તિ ૩૧/૧૨/૦૬ |
| ૧૯ | રંજનબેન અમૃતલાલ સોની | રામપુરા (પ્રાંતિયા) | સ્વૈ.નિવૃત્તિ ૨૮/૨/૦૭ |
| ૨૦ | પશીબેન કાળાભાઈ ચૌહાણ | ઝુંડાલ | વયનિવૃત્તિ ૩૧/૫/૦૭ |
| ૨૧ | બબીબેન આલજીભાઈ મકવાણા | કોટેશ્વર | વયનિવૃત્તિ ૩૧/૫/૦૭ |
| ૨૨ | અમૃતભાઈ માધાભાઈ પ્રજાપતિ | ઈસનપુર મોટા | વયનિવૃત્તિ ૩૧/૫/૦૭ |
| ૨૩ | હીરાબેન શંકરલાલ શ્રીમાળી | ચિલોડા કુમાર | વયનિવૃત્તિ ૩૧/૫/૦૭ |
| ૨૪ | લીલાબેન કાનજીભાઈ પરમાર | આદરજ મોટી કન્યા | વયનિવૃત્તિ ૩૧/૫/૦૭ |
| ૨૫ | દમયંતિબેન રામજીભાઈ પરમાર | વલાદ કુમાર | વયનિવૃત્તિ ૩૧/૫/૦૭ |
| ૨૬ | કમળાબેન ગંગારામ ચૌહાણ | રાયપુર | વયનિવૃત્તિ ૩૧/૫/૦૭ |
| ૨૭ | ડાહીબેન પ્રભુદાસ પટેલ | શેરથા-૨ | વયનિવૃત્તિ ૩૧/૫/૦૭ |
| ૨૮ | વસંતલાલ કચરાલાલ શાહ | સુઘડ | વયનિવૃત્તિ ૩૧/૫/૦૭ |
| ૨૯ | મધુકાન્તાબેન વિઠ્ઠલદાસ પટેલ | સરગાસણ | વયનિવૃત્તિ ૩૧/૫/૦૭ |
| ૩૦ | ખોડીદાસ શંકરલાલ પટેલ | ગોપાલનગર | વયનિવૃત્તિ ૩૧/૫/૦૭ |
| ૩૧ | મંજુલાબેન ગણપતરાય શ્રીમાળી | ડભોડા પ.કે. | વયનિવૃત્તિ ૩૧/૫/૦૭ |
| ૩૨ | પુષ્પાબેન મફતલાલ ભાવસાર | વાવોલ | વયનિવૃત્તિ ૩૧/૫/૦૭ |

## • સભ્યશ્રીઓને સૂચના •

(૧) આપની બીજી શાળામાં બદલી થાય તો મંડળીના કાર્યાલયે લેખિત અથવા ટેલીફોન પર જાણ કરવી.

(૨) મંડળીમાં નાણાંની લેવડ-દેવડ માટે આપશ્રીએ જાતે આવવું.

(૩) પાકતી તારીખે થાપણ અવશ્ય રીન્યુ કરાવવી. થાપણદારે થાપણની લેવડ-દેવડ માટે જાતે આવવું. પાકતી તારીખ બાદ થાપણ પર વ્યાજ મળશે નહી. આપના હિસાબમાં લખેલ થાપણ, શેરભંડોળ, બાકી કરજ, ફરજીયાત બચત વગેરે તપાસી લો. તેમાં ભૂલ-તફાવત જણાય તો મંડળીના કાર્યાલય પર આવી હિસાબ તપાસી લેવો.

(૪) કરજ અરજીઓમાં સંપૂર્ણ માહિતી ભરીને મોકલી આપવી. અધુરી વિગતવાળી કરજ અરજીઓ મંજૂર કરવામાં આવશે નહિ. કારોબારી સભા મળે તે પહેલાં કરજ અરજી મોકલી આપવી.

(૫) પગાર કેન્દ્રના આચાર્યશ્રીનું કબૂલાતનામું અવશ્ય સાથે લાવવું.

(૬) કરજ અરજીઓમાં જામીનદારોની સહીઓ તેમજ કરજ ઉપાડનાર શિક્ષકે આચાર્યશ્રીની રૂબરૂમાં આખી સહી કરવી.

(૭) કરજ અરજીઓમાં કોઈપણ સંજોગોમાં બે કરતાં વધુ કરજદારના જામીન થવું નહીં. તેમાં તમારૂ શ્રેય છે.

(૮) કારોબારી સભા પ્રત્યેક માસના પ્રથમ શનિવારે મળે છે. કારોબારી સભા મળ્યા બાદ આવેલ અરજીઓ મંજૂર કરવામાં આવશે નહિ.

(૯) નાણાંની લેવડ-દેવડ માટે બેંકના સમયને ધ્યાને લઈ

સોમવાર થી શુક્રવાર — સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ સુધી

શનિવાર — સવારે ૧૦-૦૦ થી ૧૧-૩૦ સુધી કરવામાં આવશે.

(૧૦) તમારા શેર સર્ટિફિકેટ તથા થાપણ રસીદ સાચવીને રાખવા.

(૧૧) કરજ લોન જે તે કરજદારના બેંક ખાતામાં જમા થાય તે રીતે A/C Pay ચેક દ્વારા આપવામાં આવશે.

(૧૨) નિવૃત્ત થનાર શિક્ષકોને મંડળીમાં લોન/કરજ ભરપાઈ કર્યા બાદ જ એન.ઓ.સી. આપવામાં ાવશે.

(૧૩) તમે જમા કરાવેલ નાણાંની પહોંચ તરત જ મેળવી લેવાનો આગ્રહ રાખો.

(૧૪) થાપણ રસીદ જ્યારે વટાવવાની થાય ત્યારે થાપણ રસીદની પાછળ વચ્ચે રેવન્યુ ટીકીટ ચોટાડી જે વ્યક્તિના નામની રસીદ હોય તેમણે જાતે જ સહી કરવાની રહેશે. અધુરી સહી કે અંગ્રેજીમાં સહી ચાલશે નહિ.

**(૧૫) સભાસદનાં બાળકો એસ.એસ.સી./એચ.એસ.સી. (સામાન્ય પ્રવાહ) ડીગ્રી કોર્સની પરીક્ષા પાસ કરી હોય અને ૬૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેમણે પ્રોત્સાહક ઈનામ મેળવવા માટે ગુણપત્રકની પ્રમાણિત ઝેરોક્ષ નકલ તથા અરજી ૧૮ જૂન ૨૦૦૭ સુધી મોકલી આપવી.**

(૧૬) એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૫૦% કે તેથી વધુ ગુણ મળવેલ હોય તેમણે પ્રમાણિત ઝેરોક્ષ નકલ આપવા વિનંતી.

(૧૭) આપના સૂચનો તા.૨૦/૬/૦૭ સંધીમાં લેખિતમાં મોકલી આપશો. નિયત તારીખ પછી આવેલ સૂચનો ધ્યાને લેવાશે નહિ.

**(૧૮) જનરલ સભામાં હાજર રહેનારને જ ભાડુ ચુકવવામાં આવશે.**

(૧૯) કાર્યાલય - રવિવાર તથા બેંકીંગ રજા તેમજ જાહેર તહેવારની રજા હોય ત્યારે બંધ રહેશે.

પરસેવાની કમાણીથી જે પર સેવા કરે તે માણસ મહાન છે.

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી., ગાંધીનગર.

## • પંચવર્ષીય પ્રગતિના આંકડા •

| ક્રમ | વિગત | ૩૧-૩-૨૦૦૩ | ૩૧-૩-૨૦૦૪ | ૩૧-૩-૨૦૦૫ | ૩૧-૩-૨૦૦૬ | ૩૧-૩-૨૦૦૭ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઓડીટ વર્ગ | અ | અ | અ | અ | અ |
| ૨ | સભાસદ સંખ્યા | ૧,૦૦૭ | ૧,૦૩૧ | ૧,૦૫૭ | ૧,૦૫૨ | ૧,૦૫૨ |
| ૩ | શેરભંડોળ | ૧,૧૨,૩૫,૩૭૦ | ૧,૨૧,૩૬,૮૦૦ | ૧,૩૫,૧૪,૦૨૦ | ૧,૪૪,૩૬,૪૫૦ | ૧,૫૧,૦૦,૫૩૦ |
| ૪ | કરજ ધીરાણ | ૭,૯૯,૫૪,૨૦૦ | ૯,૦૦,૨૯,૭૦૦ | ૧૦,૪૬,૦૮,૭૦૦ | ૯,૯૨,૬૬,૦૦૦ | ૧૧,૪૦,૩૩,૫૦૦ |
| ૫ | કરજ વસુલ | ૬,૭૩,૨૮,૧૪૦ | ૬,૯૭,૬૩,૫૦૦ | ૯,૦૬,૬૨,૦૦૦ | ૮,૭૫,૬૨,૧૦૦ | ૧૦,૬૮,૨૫,૫૦૦ |
| ૬ | કરજ બાકી | ૧,૨૬,૨૫,૦૯૦ | ૨,૦૨,૬૬,૨૦૦ | ૧,૪૫,૭૯,૦૦૦ | ૧,૧૭,૦૩,૯૦૦ | ૧૨,૩૫,૨૦,૬૦૦ |
| ૭ | રીઝર્વ ફંડ | ૩૭,૨૬,૩૫૨ | ૪૪,૦૭,૩૨૫ | ૫૧,૭૬,૪૨૭ | ૫૮,૬૩,૮૦૨ | ૬૪,૦૮,૩૨૨ |
| ૮ | થાપણ | ૭,૬૫,૮૬,૩૦૦ | ૮,૮૧,૨૨,૧૫૦ | ૧૦,૪૦,૩૦,૨૫૦ | ૧૦,૬૫,૩૨,૪૫૦ | ૧૧,૩૬,૫૩,૩૫૦ |
| ૯ | વહીવટી ખર્ચ | ૪,૪૨,૬૩૦ | ૪,૪૬,૩૭૧ | ૪,૬૬,૬૨૯ | ૫,૦૫,૬૫૦ | ૫,૩૫,૬૮૦ |
| ૧૦ | નફો | ૨૭,૧૬,૧૪૪ | ૩૦,૫૩,૧૨૮ | ૨૭,૪૪,૬૨૨ | ૨૧,૭૨,૫૬૨ | ૧૨,૮૫,૬૬૭ |
| ૧૧ | શેર ડિવિડન્ડ | ૧૬,૮૫,૩૦૫ | ૧૮,૨૦,૫૨૦ | ૨૦,૨૭,૧૦૩ | ૧૫,૮૮,૦૧૦ | ૯,૦૬,૦૩૨ |
| ૧૨ | બેંક કરજ/જમા | ૨૦,૯૬,૧૮૯.૯૨ | ૧૯,૯૦૧ | ૧૩,૦૫,૭૬૯ | - ૭,૨૦,૩૮૯ | ૨૦,૪૮,૬૧૪ |
| ૧૩ | લેવડ-દેવડ | ૨૬,૮૫,૪૧,૦૭૩ | ૨૯,૦૭,૧૫,૧૮૩.૮૩ | ૩૩,૪૧,૯૫,૦૬૩ | ૩૪,૯૬,૧૭,૯૮૧ | ૪૦,૪૦,૩૫,૩૯૩ |
| ૧૪ | વ્યાજ વળતર | ૨,૭૦,૦૦૦ | ૨,૮૭,૦૦૦(૩%) | -- | -- | ૩,૫૩,૧૦૦ (૩%) |
| ૧૫ | ફરજીયાત બચત | ૧૭,૮૮,૨૦૦ | ૨૮,૭૫,૬૦૦ | ૪૭,૩૦,૪૦૦ | ૬૯,૭૦,૫૦૦ | ૯૯,૬૭,૦૦૦ |
| ૧૬ | શેર દીઠ વ્યાજ | ૧.૫૦ | ૧.૫૦ | ૧.૫૦ | ૧.૧૦ | ૦.૬૦ |
| ૧૭ | ફરજીયાત બચત | ૧.૨૦ | ૧.૩૦ | ૧.૨૦ | ૧.૦૦ | ૧.૮૦ |

**શ્રી કનુભાઈ એસ. ઠાકોર**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી., ગાંધીનગર.

**શ્રી વાસુદેવ આર. નાયક**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી., ગાંધીનગર.

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## આંતરિક ઓડીટરશ્રી



શ્રી નટવરલાલ લ. ચૌધરી
આચાર્યશ્રી,
જૂના પીપળજ પ્રા. શાળા



શ્રી કનુભાઈ શ. પટેલ
આચાર્યશ્રી
પીરોજપુર પ્રાથમિક શાળા



શ્રી બાબુજી કે. મારસૂણિયા
આચાર્યશ્રી
ખોરજ આદર્શ શાળા

## સહકાર્યાલય મંત્રીશ્રી



શ્રી નટવરલાલ મં. કાપડીયા
કાર્યાલય મંત્રીશ્રી



શ્રી બેચરભાઈ મ. પટેલ
કાર્યાલય મંત્રીશ્રી



શ્રી જયંતિલાલ પુ. બ્રહ્મભટ્ટ
કાર્યાલય મંત્રીશ્રી



શ્રી પ્રમોદભાઈ મ. શુક્લ
સેવક